શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૩
અંક : ૮

## ડેન્ટલ અવેરનેસ

આજના સમયમાં જયારે અલગ–અલગ આંખ કે કેન્સર જેવા દર્દો માટે વિવિધ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવે છે પણ દાંતની જાળવણી અને તપાસ માટેનાં કેમ્પનું આયોજન ખુબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

ડો. નેમી પટેલ અને અમેરીકન ઈન્ડિયા ફાઉન્ડેશનનાં સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર એ અમરેલી અને બાબરા તાલુકાના કુલ ૩૦ ગામોમાં ઓરલ ડેન્ટલ હાઈજીન અવેરનેસ કાર્યક્રમ હાથ ધર્યો.

દાંત અને મોં ની જાળવણી વિશે માહિતી આપી લોકોમાં જાગૃતતા લાવવાની કામગીરી કરવામાં આવી. જેમાં વ્યકિતગત મુલાકાતો, નાની મીટંગ, ઓનલાઈન વેબીનાર, પોસ્ટર, પત્રિકા અને ટેમ્પલેટ વેવા માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં સફળતા પ્રાપ્ત થઈ છે. ૨૮ ગામમાંથી ૩૦૩૪ લોકોને જાગૃત કરી શકયા છીએ. બાળકો માં દાંતની સમસ્યા ન થાય તેની જાગૃતી લાવી તેની કેમ્પમાં તપાસ કરી તેમને આવનારી મુશ્કેલી વિશે સજાગ કરવામાં આવ્યા છે. કુલ ૧૦૭૫ બાળકો સુધી પહોંચી તેમને સમજવામાં સફળ થયા છીએ. આ જાગૃતિ કાર્યમાં સંસ્થાના અન્ય પોજેકટના કાર્યકરોએ રસપુર્વક ભાગ લઈ પોતાના લક્ષિત સમુહને જોડવાનો પ્રયાસ કર્યો.

સાથે–સાથે કોરોનાની પરિસ્થિતિનાં લીધે શાળા તથા આંગણવાડીના બાળકો સુધી પહોંચવું મુશ્કેલ થતા શિક્ષકો અને આંગણવાડી કાર્યકરોનો મોટા પાયે સહકાર રહયો અને મોટા ભાગના બાળકોને આવરી લેવામાં સફળતા મેળવી. સ્થાનિક આગેવાનો, સરપંચશ્રીઓ, આશા કાર્યકરો, ગ્રામસેવકો, તલાટી મંત્રીશ્રીઓએ આ કાર્યક્રમ માટે જરૂરી હોય તેવી તમામ સવલતો ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ કરાવી.

કુલ ૨૮ ગામમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેની વિગતો કોષ્ટક સ્વરૂપે પેઈજ – ૫૨ આપવામાં આવેલ છે.

– વર્ષા સોલંકી

**જીંદગી એક રમત છે જાતે જ નક્કી કરી લો ખીલાડી બનવું કે રમકડું.**

## ડેન્ટલ ઓરલ ચેકઅપ કેમ્પ

જુલાઈ માસ દરમ્યાન યોજાયેલ મોં અને દાંતના રોગ માટેના તપાસ અને સારવાર કાર્યક્રમો.

| Sr | Date | Name of Village | Block | Place | Coveredbeneficiaries | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | M | F | Boys | Girls | Total |
| 1 | 16/7/2021 | Jasvantgadh | Amreli | Gram Panchayat | 26 | 16 | 2 | 0 | 44 |
| 2 | 17/7/2021 | Radadiya-khhijadiya | Amreli | Primary School | 23 | 9 | 1 | 0 | 33 |
| 3 | 18/7/2021 | Ingorala | Babra | Primary School | 18 | 6 | 3 | 1 | 28 |
| 4 | 18/7/2021 | Bhildi | Babra | Ramji Mandir (chhoro) | 13 | 12 | 1 | 3 | 29 |
| 5 | 19/7/2021 | Pirkhijadiya | Babra | Primary School | 37 | 23 | 2 | 1 | 63 |
| 6 | 20/7/2021 | Amrapara | Babra | Primary School | 22 | 11 | 0 | 0 | 33 |
| 7 | 21/7/2021 | Lunki | Babra | Gram Panchayat | 11 | 12 | 1 | 2 | 26 |
| 8 | 21/7/2021 | Hathigadh | Babra | Primary School | 7 | 2 | 3 | 0 | 12 |
| 9 | 22/7/2021 | Nana Machiyala | Amreli | Primary School | 31 | 41 | 2 | 2 | 76 |
| 10 | 23/7/2021 | Dahida | Amreli | Primary School | 22 | 17 | 2 | 0 | 41 |
| 11 | 24/7/2021 | Giriya | Amreli | Primary School | 13 | 5 | 0 | 2 | 20 |
| 12 | 25/7/2021 | Kuvargadh | Babra | Gram Panchayat | 14 | 13 | 2 | 1 | 30 |
| 13 | 25/7/2021 | Amarvalpur | Babra | Primary School | 19 | 14 | 2 | 5 | 40 |
| 14 | 27/7/2021 | Mota Machiyala | Amreli | Primary School | 5 | 7 | 3 | 0 | 15 |
| 15 | 28/7/2021 | Baxipur | Amreli | Rajiv Gandhi Hall | 17 | 13 | 4 | 0 | 34 |
| 16 | 29/7/2021 | Randhiya | Amreli | Primary school | 24 | 7 | 0 | 0 | 31 |
| 17 | 30/7/2021 | Rikadiya | Amreli | Gram Panchayat | 8 | 10 | 2 | 0 | 20 |



મુંજવણ સાથે દોડવા કરતાં આત્મવિશ્વાસ સાથે ચાલવું વધારે સારું.

## સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

આપણે સૌ જાણીએ છીએ કે ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટના દિવસે રાષ્ટ્રધ્વજ કે તિરંગાને સલામી આપીએ છીએ ત્યારે આ બંને દિવસો પર અલગ અલગ રીતે ફરકાવવામાં આવે છે તેમાં ૧૫ ઓગસ્ટના દિવસે રાષ્ટ્રધ્વજને નીચેથી રસ્સી દ્વારા ખેંચીને ઉપર લઈ જવામાં આવે છે પછી ત્રિરંગો ખોલીને ફરકાવવામાં આવે છે, જેની ''ધ્વજારોહણ'' કહેવાય છે.

ચાઈલ્ડલાઈન ટીમ દ્વારા કેરીયા રોડ મામાદેવ મંદિર પાસે સ્લમ વિસ્તારમાં ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી, જેમાં ચાઈલ્ડલાઈન કો–ઓર્ડીનેટર, ચાઈલ્ડલાઈન ટીમ મેમ્બર, ૩૨–બાળકો અને ૧૫ વાલીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં સામેલ સૌએ પરિચય આપ્યો અને ચાઈલ્ડલાઈનની કામગીરીની ચર્ચા કરવામાં આવી. સ્વાતંત્ર્ય દિવસ વિશે જાણકારી આપી અને દરેક બાળકોને ઝંડાનું વિતરણ કરવામાં આવ્યું. જન ગન મન રાષ્ટ્રગીત ગાનમાં સૌ જોડાયા. બાળકો પસંદ કરેલ રમત અને ચાઈલ્ડલાઈન ટીમ દ્વારા પણ એક રમત રમાડવામાં આવી. બાળકોમાં કેટલું જ્ઞાન રહેલું છે તે ખુલ્લા મનથી જાણવાનો પ્રયાસ કર્યો જેમાં તેમણે ઉત્સાહથી જવાબ આપ્યા.

– હિરલ ડોડીયા



**કણ અને ક્ષણની જેને કિંમત હોય છે તેને મણ જેટલું સુખ મળે છે.**

## જન જાગૃતિ અભિયાન

વૃક્ષારોપણ અભિયાન

વનસ્પતિ એ સજીવ છે એવું આપણે શાળામાં ભણ્યા, તેનું મહત્વ અને જરૂરીયાત પણ જાણી કારણ કે આપણા શ્વાસ તેના પર નિર્ભર છતાં તેનાં જતન માટે આજે આપણાં સૌનું વલણ ખુબ નિરાશાજનક છે.

ઠેર ઠેર જંગલોમાં દાવાનળનાં, ભુસ્ખલન, તાપમાનમાં વધારો, હિમશીલાઓનું પીગળવું, વિવિધ સજીવ સૃષ્ટિઓનું પ્રમાણ ઘટવું, પ્રદૂષણ, વધતી જતી શ્વાસ તથા હૃદયની બીમારીઓ જેવા સમાચાર રોજ સાંભળીએ છીએ. આ સમસ્યાનો ઉકેલ પણ વૃક્ષો/ પર્યાવરણ જ તો છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ ઉત્તમ કપાસની પહેલ કાર્યક્રમ દ્વારા આશરે ૧૮૦૦૦ ખેડૂતો સાથે વૃક્ષ ઉછેર માટે સંપર્ક બનાવ્યો છે. દરેક ખેડુત ઓછામાં ઓછુ એક વૃક્ષ વાવે તેવુ લક્ષ્ય રાખ્યું. તેવામાં અમદાવાદ સ્થિત માનવસાધના ગાંધી આશ્રમનો સંપર્ક થયો. તેમની સાથે થયેલ વાર્તાલાપ દ્વારા ખેડૂતોની જરૂર મુજબના ૧૦૩૭૪ રોપા માટે થતી કિંમત રૂા.૩૯૧૯૩૨ ની નાણાકીય સહાય માનવસાધના ગાંધી આશ્રમ દ્વારા પુરી પાડવામાં આવી. માત્ર મહેન્દ્રભાઈ તથા માલતીબહેન સાથે થયેલ વાતચીતથી શકય બન્યુ.



**સાચા ખોટાની બધી જ ખબર હોવા છતાં સંબંધ સાચવવો એ જ સંસ્કાર..**

તા.૪,૫,૬ ઓગસ્ટ એમ ૩ દિવસ વૃક્ષારોપણ અભિયાનમાં બંને સંસ્થાની ટીમ લાગી ગઈ . અમરેલી–બાબરા, ખાંભા, ટીંબી તથા ધોકડવા કલસ્ટરમાં નકકી કરેલ સ્થળ સુધીનું ૧૦૩૭૪ રોપાઓનું પરિવહન, વક્ષારોપણ તથા વિતરણનું આયોજન અને અમલીકરણ કર્યુ. આ કાર્યમાં સહભાગી થવા માનવસાધના ગાંધી આશ્રમથી દિનેશભાઈ, મેહુલભાઈ, રમીલાબેન, આશાબેન તથા ગૌરીબેન આવ્યા. વિતરણ સ્થળ પરથી રોપા ખેડૂતો તથા ગ્રામ્યજનો ખૂબ ઉમળકા સાથે લઈ ગયા અને કાર્યકરો સાથે રહી વાવ્યા અને ખેડુતોએ જાળવણીની ખાત્રી આપી.

રોપાઓ પણ ખૂબ જ વિવિધ પ્રકારનાં પસંદ કર્યા હતા જેવા કે વધુ ઓકિસજન આપે તેવા મોટા વૃક્ષ, આયુર્વેદમાં મહતા ધરાવતા વૃક્ષો વનસ્પતીઓ, ફળફળાદી તથા ઘર આંગણામાં વાવી શકાય તેવા ફુલ છોડ એમ દરેક પ્રકારનાં રોપાઓ  વવરાવવાનું સફળ આયોજન થઈ શકયુ તેનો પુરી ટીમને આનંદ અને સંતોષ થયો.

તા.૧૮ મે ૨૦૨૧નાં રોજ આવેલ વાવાઝોડાનાં કારણે દરિયાકાંઠાનાં વિસ્તારોમાં વૃક્ષો તથા વન્યસૃષ્ટિની ખૂબ હાનિ પહોંચેલ, ફળોની ખેતી કરતાં આખા બગીચાઓ નષ્ટ થયા હતા તેની થોડી પણ પુર્તી થાય તે આ અભિયાનનો હેતુ હતો.

– જાનકી પંડયા



**જે બદલાવ તમે દુનિયામાં જોવા માંગો છો તેની શરૂઆત આપણાથી કરવી.**

## આંતરપાકના અનોખા ફાયદા

આંતરપાક આપણી જુની અને પૌરાણીક પધ્ધતી છે. જેનો ઉપયોગ હવે ઓછો થતો જોવા મળે છે જેમ નવી અધતન ટેકનોલોજીએ માનવીના જીવનની દીશાને ઓળંગી છે પણ આપણી જુની પદ્ધતિથી જ અત્યારે ફાયદો થતો જોવા મળે છે એવીજ રીતે ચરખા ગામે ગોપાલભાઈ લાખાભાઈ સુસરા એ પરંપરાગત ખેતી પદ્ધતિ તરફ જવામા આંતરપાકના ફાયદા બાબતે પોતાનો જાત અનુભવ નીચે મુજબ જણાવે છે.

હું ખેતીજ કરુ છું અને તેના પર નિર્ભર છુ જયારથી મે આંતરપાક વાવવાનુ શર કરૂ છે ત્યાંથી વધારે ઉત્પાદન અને તેમાં આવકમાં વધારો જોવા મળ્યો છે. આ આંતરપાકમાં તલ, અડદ, મકાઈ વગેરે જેવા પાકોનો ઉપયોગ કરીને સારી એક સાથે બે ઉપજ મેળવી શકીએ છીએ આંતરપાકની વધુ માહીતી મે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને કોટન કનેકટ  દ્વારા ચાલતા ઉતમ કપાસની પહેલ કાર્યક્રમમાં જોડાવાથી મળી મને ખરીફ પાકમાં ઉત્પાદન અને આવકમાં ફાયદો થયો છે અને તેના કારણે જમીનમાં પણ ઘણો ફેરફાર જોવા મળે છે.

પસંદ કરેલા પાકની તે વધારે ઉપજ લેવામાં પ્રયત્નશીલ રહે છે અને તે આંતરપાકને નકારે છે પરંતુ ખેડુત આંતરપાકથી અજાણ હોય છે. આવનારી નવી પેઢી આંતરપાકને વધારે મહત્વ આપે છે આંતરપાક વિશેષ ફાયદાની પુરેપુરી સમજણ તેઓ ધરાવે છે આંતરપાકના ફાયદાઓથી વાવેલા પાકને વધારે અનુકુળ રહે છે અને તેને જીવાત કે ઈયળના ઉપદ્રવનો સામનો ખુબ ઓછો કરવો પડે છે આંતરપાક વાવવાથી પાણી જે આપણા જીવનની કીંમતી વસ્તુ જેનો વધારે બચાવ થાય છે જો આંતરપાકને વાવોતો જમીનમાં ભેજ જળવાઈ રહે છે. જેમ કે આપેલા સંસ્કારો નુ સિંચન કરે તેમ અને આંતરપાકમાં નીદામણ ઓછુ જોવા મળે છે તેમાંથી જમીન માંથી નાઈટ્રોજન શકિત વધે આંતરપાકનો મુખ્ય ફાયદો એક સાથે બે ઉત્પાદન લઈ શકાય અને આવકમાં વધારો થાય છે તેમજ મુખ્ય પાકના ઉતારા પ્રમાણે વધે છે આંતરપાક વાવવાથી ખેડુતને ફાયદો થાય છે અને તેની જમીનમાં પણ મુખ્ય તત્વો જળવાઈ રહે છે.

આંતરપાકના કારણે આપણો જે મુખ્ય પાક છે અને તેમાં ઉત્પાદનનો સ્ત્રોત વધારે પ્રમાણે મેળવી શકીએ છીએ જે આપણે તેને જાળવી રાખવાથી વધારે ફાયદો થાય છે.

— શ્રધ્ધા કથીરીયા

**દીકરી માનવ ઈતિહાસનો આજ સુધીનો સૌથી સર્વોત્તમ શબ્દ.**

## પડયા ઉપર પાટું (પર્યાવરણનો આપણને જવાબ)

આપણે સૌ જાણીએ છીએ તેમ ૨૦૨૦ નુંવર્ષ કોરોના મહામારી લઈને આવ્યું. સામાન્ય રીતે આપણે એવું સમજીએ છીએ કે આ રોગ ચીન દ્વારા જાણી જોઈને ફેલાવ્યો, પોતાનાં વેપાર ધંધાને વિકસાવવામાં અને અન્ય દેશોની પાયમાલીએ તેનું લક્ષ્ય હતું. આપણે સાથે–સાથે એવું પણ કહીએ છીએ કે ઈશ્વરની ઈચ્છા વગર પાંદડું પણ હલતું નથી તો શું ચીનમાં ઉભી થયેલી આ ભયંકર બિમારી જે સમગ્ર વિશ્વને ભરડામાં લીધું તેનું કારણ ઈશ્વર હશે? ઈશ્વરની વ્યાખ્યા કોઈ વ્યકિત નથી પરંતુ સમગ્ર અસ્તિત્વનું નામ ઈશ્વર છે. હવે આપણે વાત કરીએ ઈશ્વરની પદને કે અસ્તિત્વની સમગ્ર અસ્તિત્વને આપણે હાનિ પહોંચાડવામાં કંઈ જ બાકી રાખ્યું નથી જેમકે પર્યાવરણને સમતુલન રાખવા વૃક્ષોએ એક પ્રથમ ઘટક છે જેનું નિકંદન કાઢયું, જૈવિક વિવિધતા જે પર્યાવરણને સમતુલન રાખવા એક અગત્યનો ભાગ છે તેને નામશેષ કરવા ખતરનાક રસાયણિક તત્વોનું ઉત્પાદન જેનો ઉપયોગ ખોરાક, દવા, ખાતરનાં સ્વરૂપે કરવા માટે વિશાળ કામ અને સતત પર્યાવરણને નુકશાન કરતાં ઉદ્યોગોની સ્થાપનાં જેની પાછળ આપણે પૈસાદાર બનવાની અથવા મહત્વાકાંક્ષી બનવાની હદ વટાવી આવા અનેક નાના–મોટાં આપણા બિન જવાબદારી પૂર્વકનાં અખતરા એટલે ‘‘ઈશ્વરને માનવીની ચેલેન્જ’’ આવા સંજોગોમાં પર્યાવરણ બગડયું, નદી–નાળા સમુદ્રને દુષિત કર્યા. હજારો જીવોનો નાશ કર્યો. જેનો ટુંકો જવાબ અસ્તિત્વે આપણે કોરોનાં સ્વરૂપે અને તૌકતે જેવા ભયંકર વાવાઝોડા રૂપે આપણને આપ્યા હજુ સમય છે ચેતી જવાનો, સમજણની અન્યથા હવે પછીનાં આવનાર દિવસો આ દિવસોને કદાચ સારા કહેડાવે મારે એ નથી કેવું કે આપણે કેમ સુધરીએ એતો તમે મારા કરતાં વધુ સારી રીતે જાણો છો.

– રમેશભાઈ સોલંકી

**‘સાંભળી લેવાની’ અને ‘સંભાળી લેવાની’ કળા જાણનાર જ સફળતા પામે છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Bharat vala | 20.09.1985 |
| Pravin Jalandhara | 28.09.1976 |
| Rasik Gorasva | 28.09.1995 |
| Avantika Tanti | 29.09.1996 |

## In this month

| | |
|---|---|
| 04-05 | Tree plantion campaign in Amreli, Babara, Khambha, Timbi and Dhokadva cluster. |
| 15 | Celibration on indepence day with childeran of Keriya road slum area. |
| 20 | Rappid survey of SHGs |
| 22 | Training on street violence by Sana |
| 25-27 | Life camp, Chamardi. |
| 25 | Conversence meeting with PUM. |

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ભાગ્ય લઈને આવવાનું અને કર્મ લઈને જવાનો એક નાનો સફર એટલે જીંદગી**